હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

પ્રભુ...એવુ નથી લાગતુ કે આપણે આપણાં જમાના કરતા પણ અત્યારે વધુ પ્રસિદ્ધ છીએ...!!

મયુર હોટલના રસોઈયાને કુહાડી મારનાર કારીગરને ઝડપી લેવાયો

ગાંધીનગર, તા.૨૬

શાહપુર-પાલજ માર્ગ પર મયુર હોટલના ખાટલામાં સુઈ રહેલા રસોઈયાને મોંઢાના ભાગે કુહાડી મારી નાસી જનાર કારીગરને પોલીસે પ્રાંતિયા બ્રિજ નજીકથી પકડી પાડ્યો છે. ત્યારે હોટલ પાસે નાના ગલુડીયાને રમાડવા મુદ્દે રસોઈયો અનિલ મહારાજ કારીગર અનિલ મીણાને મા-બાપ સામે મારવાડી ભાષામાં ગાળો બોલતો હોવાથી તેને કુહાડી મારી હોવાનું પોલીસની પુછપરછમાં સામે આવ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શાહપુર બાપા સીતારામ ચોકડી થી પાલજ આઈઆઈટી તરફ જતા માર્ગ પર હોટલ મયુરમાં જમવાનું બનાવવાનું કામ કરતો અનિલ રાણાજી મહારાજ (રહે.તાીબાનાયાર તા.શીવ.જી.બાડમેર, રાજસ્થાન)

હોટલની બહાર ખાટલામાં સુઈ રહ્યો હતો તે સમયે હોટલ પર પરચુરણ કામ કરતો અનિલ દુર્જન મીણા (રહે.સુવેરી તા.ખેરવાડા જી ઉદેપુર રાજસ્થાન) ગત તા.૨૪ એપ્રિલના રોજ રાત્રીના સમયે રસોઈયાને મોંઢાના ભાગે કુહાડી મારી નાસી ગયો હતો. ત્યારબાદ ઈજાગ્રસ્તને હોટલ પર કામ કરતો અન્ય કર્મચારી તેમજ હોટલ માલિક સહિત અન્ય વ્યકિત ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યારબાદ બનવા અંગે ડભોડા પોલીસ મથકે હોટલ માલિકે ફરીયાદ નોંધાવતા પોલીસે અનિલ મીણાને પ્રાંતિયા બ્રીજ પાસેથી ગણતરીના સમયમાં પકડી પાડ્યો હતો. પોલીસ સ્ટેશન લાવી આરોપીની પુછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે હુ તેમજ અનિલ રાણાજી મહારાજ, મુકેશ મેઘવાલ તેમજ અન્ય એક ભાઈ મયુર હોટલ પર કામ કરીએ છીએ. મારે કામ અંગે અનિલ મહારાજ સાથે બોલાચાલી થતી હતી. જયારે હોટલ પર શેઠના પાલતુ શ્વાન છે અને તેના નાના ગુલડીયા હોય તેને સંભાળવાનું કામ અનિલ મહારાજ કરતા હતા. આ ગલુડીયાને હું અવાર નવાર રમાડતો હોવાથી અનિલ મહારાજ મને મારવાડી ભાષામા ગોળો બોલતો હતો. તા.૨૩-૪-૨૨ ના રોજ રાત્રીના સમયે હું શેઠના કુતરાન નાના ગલુડીયાને રમાડતો હતો તે સમયે અનિલ મહારાજે મને ગાળો બોલી હતી. મે તેમને ગાળો બોલવાની ના પાડી હતી ત્યારપછી અનિલ મીણાને ખોટુ લાગ્યું હતું. જેથી રાત્રે અનિલ મહારાજ સુઈ જતા તેના મોંઢના ભાગે કુહાડી મારી તેને મારી નાંખવાની કોશીશ કરી હોવાની ચોંકાવનારી કબુલાત કરી હતી.

ખૂણેખાંચરેથી

- જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે આજે દૃષ્ટિ પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ શાખાઓએ કરેલી કામગીરીની સમીક્ષા કરી હતી.
- જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને તાલુકા વિકાસ અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી.
- ડીસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની વિવિધ સબ કમિટીઓની આજે જિલ્લા આરોગ્ય અધિકારીના અધ્યક્ષસ્થાને બેઠકો યોજાઈ હતી.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ધણપ, વાંકાનેરડા ગામોમાં સદ્‌ભાવના ફંડમાંથી હાથ ધરવાના થતા વિકાસ કામોને ઔડાએ તાંત્રિક મંજૂરી આપી છે.
- સે. ૨૨ સહિત ઘણા બધા સેક્ટરોમાં સેક્ટરોના મુખ્ય આંતરિક માર્ગો તથા સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદ ઉઠી છે.
- સે. ૭માં આવેલ વેસ્ટ કલેક્શન સેન્ટરની સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલે મુલાકાત લીધી હતી.
- જાહેર શૌચાલયોની યોગ્ય સફાઈ નહિ થતી હોવાની તેમજ ત્યાં પાણી પુરવઠો પણ નહિ મળતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘની બેઠક અંબાજી ખાતે યોજાઈ હતી.
- માણસાના જામળા ખાતે ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂતોની એક બેઠક મળી હતી.

ચિલોડા ખાતે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર દ્વારા હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે આવેલ હાચોળી વિસ્તારની આંગણવાડી ખાતે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ચિલોડા અને છાલા સી.એચ.સી.ના એન.સી.ડી. સેલ દ્વારા એન.સી.ડી. રોગો તથા આંખના રોગોનું નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિરામય કાર્ડનું વિતરણ તથા લાભાર્થીઓની શારીરિક ચકાસણી, ઉંચાઈ, વજન તથા ડાયાબિટીસ, બ્લડપ્રેસર વગેરેની આરોગ્યકર્મી દ્વારા નિદાન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડૉ. કૌશલ નાયક તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના પી.એલ.વી. નટુભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ રહેવા પામી હતી.

મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં સેવાકાર્ય

ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના મગોડી ગામના રાહેલબા વૃધ્ધાશ્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રી મનિષભાઈ મકવાણા, દહેગામ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નિખિલભાઈ રણછોડભાઈ દેસાઈ, પૂર્વ સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન દહેગામ-પ્રફુલભાઈ વિનભાઈ શાહ, 'કેમ છો ગુજરાત'ના તંત્રી સુરેશભાઈ બલસારા, ડી.એલ. પરમાર સહિતના હોદ્દેદારોએ સંસ્થાની મુલાકાત લીધી હતી. સંસ્થાના લાભાર્થીઓની વ્યક્તિગત તકલીફ અંગે પૂછપરછ કરી અંતરખબર પૂછ્યા હતા. આ સેવાભાવી નાગરિકો દ્વારા તેમના દ્વારા ભોજન પીરસ્યુ હતુ. આમ સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

સગીરા સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેર નજીકના એક ગામમાંથી સગીરાનુ અપહરણ કરીને તેણી સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં ગાંધીનગરની સ્પે પોક્સો કોર્ટે આરોપીને ૧૦ વર્ષની કેદની સજા તેમજ રૂ ૧૫ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે. આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ગાંધીનગર નજીકના એક ગામમાંથી આરોપી સંજય બળદેવભાઈ ઠાકોરે સગીરાને લલચાવી ફોસલાવી વિશ્વાસમાં લઈને તેણીનુ અપહરણ કર્યુ હતુ. આ દરમિયાન તેણીને સ્કુટર પર બેસાડી મહેસાણા લઈ ગયો હતો જયારે આ બનાવમાં અન્ય એક આરોપીએ પણ સંજયની મદદ કરી હતી. અને ત્યારબાદ સ્કુટર હારીજ

શહેર નજીકના એક ગામમાંથી આરોપીએ સગીરાનુ લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી દુષ્કર્મ આચર્યુ હતુ

બસ સ્ટેન્ડ મુકીને આરોપી નાસી ગયો હતો. આ અગાઉ એક મહીના પુર્વે પણ સગીરાને લગ્ન કરવાની લાલચ આપી આરોપીએ દુષ્કર્મ આચર્યુ હતુ. આ અંગે પેથાપુર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી જયારે આરોપી વિરુધ્ધ ગાંધીનગર કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યુ હતુ. આ કેસ ગાંધીનગરની સ્પે પોક્સો કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલો કરી હતી જેમાં ભોગ બનનારની ઉંમર અને મેડિકલના પુરાવા રજુ કરાયા હતા. જયારે અન્ય સાહેદોની પણ જુબાની લેવામાં આવી હતી. આરોપીએ ગુન્હો કર્યો હોવાના પુરાવા કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા જેના આધારે આરોપીને સખત સજા કરવા માટે કોર્ટ સમક્ષ રજુઆત કરી હતી સરકારી વકીલની દલીલો તેમજ પુરાવાને ધ્યાનમાં રાખીને જજ એસ એન સોલંકીએ આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા તેમજ રૂ ૧૫ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે. આ ઉપરાંત ભોગ બનનારને રૂ ૨૫ હજારનુ વળતર ચુકવવા પણ આદેશ કર્યો છે.

રાજસ્થાનથી પરત ફરેલો રાયસણનો ૩૭ વર્ષીય યુવાન કોરોનામાં સપડાયો

ગાંધીનગર, તા. ૨૬

પાંચ દિવસના વિરામ બાદ ગાંધીનગર શહેરમાં કોરોનાનો એક કેસ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. ગાંધીનગર શહેરમાં રાયસણ ગામનો એક ૨૭ વર્ષીય યુવાન કોરોનાની ઝપેટમાં આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. મળતી વિગતો પ્રમાણે આ યુવાન રાજસ્થાન જઈ પરત આવ્યા બાદ તાવ, ખાંસી જણાતાં ટેસ્ટ કરાવવામાં આવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શહેરમાં પાંચ દિવસ બાદ કોરોનાનો કેસ નોંધાયો છે. શહેરમાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણમાં છે અને જે છુટાછવાયા કેસો મળી રહ્યા છે તેમાંથી મોટા ભાગના દર્દીઓની હિસ્ટ્રીમાં રાજ્ય બહારનો પ્રવાસ કારણભૂત હોવાનું જાણવા મળેલ છે. આજે નોંધાયેલ આ દર્દી સાથે ગાંધીનગર શહેરમાં હવે એક્ટીવ કેસની સંખ્યા ૨ થઈ છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થળોએ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટે તાકીદ કરી છે.

છત્રાલ-પાનસર માર્ગ પરથી ટ્રકમાંથી રૂ.૬.૩૫ લાખનો દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરની એલસીબી ટીમે છત્રાલ-પાનસર માર્ગ પરથી ટ્રકમાંથી વિદેશી દારુની ૫૮૮ નંગ બોટલ જપ્ત કરી રૂ.૬.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જયારે ટ્રક ડ્રાઈવર રાત્રીના અંધકારમાં અલોપ થઈ ગયો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ વાય.વાય.ચૌહાણ અને હેડ કોન્સ્ટેબહલ લતીફખાન, જયપાલસિંહ,કોન્સ્ટેબલ રાજવીરસિંહ લોકરક્ષક સામંતસિંહ પેટ્રોલીંગમાં હતા . તે સમયે એલસીબીની ટીમના લતીફખાન અને રાજવીરસિંહને મળેલી બાતમીને પગલે છત્રાલ પાનસર માર્ગ પર વોચ ગોઠવી હતી. તે સમયે બાતમીવાળી ટ્રક નં.આર.જે.૧૪.જી.એચ.-૬૮૦૭ પસાર થતા તેને રોકવા માટે ઈશારો કર્યો હતો.પરંતુ ડ્રાઈવરે પાનસર તરફ ટ્રક દોડાવી દીધી હતી. ત્યારબાદ થોડાક અંતરે આગળ જઈને ટ્રક મુકીને ડ્રાઈવર અંધારારમાં ગાયબ થઈ ગયો હતો. એલસીબી પોલીસ મથકે ટ્રકને લાવી તપાસ કરતા અંદરથી રૂ.૨.૩૫ લાખની કિંમતની ૪૯ પેટીમાં ૫૮૮ નંગ દારુની મળી આવી હતી. પોલીસે દારુ અને ટ્રક મળી કુલ રૂ.૬.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કલોલ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા અશ્વમેધ કોમ્પ્લેક્ષમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૬

મોટા ચિલોડા અશ્વમેધ કોમ્પ્લેક્ષમાં હીરાના કારીગર તરીકે નોકરી કરતા યુવકના બાઈકની ચોરી થઈ છે. યુવકે રૂ.૨૦ હજારના બાઈક ચોરી અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા નજીક મહુન્દ્ર ગામ કુવાવાળો વાસ ખાતે રહેતા સંજય વિહાભાઈ પ્રજાપતિ (ઉં.૪૦) ચિલોડા ખાતે આવેલ અશ્વમેધ કોમ્પ્લેક્ષમાં ભારત રત્ન ડાયમંડમાં હીરા કારીગર તરીકે નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૨૩ ના રોજ સવારના સમયે નિત્યક્રમ મુજબ બાઈક નં.જી.જે.૧૮.ડી.જે.-૦૪૧૨ લઈ ચિલોડા કોમ્પ્લેક્ષ ખાતે નોકરી પર આવ્યો હતો.ત્યારબાદ ઘરેથી રાંધણગેસ પુરો થઈ જતા નવો બાટલો આપી જાવ. જેને પગલે સંજયે સાડા અગીયાર વાગ્યાના અરસામાં સાથે કામ કરતા મિત્ર રાજુ પ્રજાપતિને સાથે લઈ ગયો હતો. સંજયને જમવાનું બાકી હોવાથી તે ઘરે રોકાઈ ગયો હતો.જયારે બાઈક લઈને રાજુ પરત ચિલોડા ભારત રત્ન ડાયમંડ ખાતે પરત આવી ગયો હતો અને જે જગ્યાએ બાઈક પાર્ક કર્યું હતું તે જગ્યા પર મુકીને ફેકટરીમાં કામ કરવા માટે ગયા હતા. બપોરના એક વાગ્યાના અરસામાં રાજુભાઈએ સંજયભાઈને લેવા માટે જવા માટે નીકળ્યા હતા.પરંતુ બાઈક જે જગ્યાએ પાર્ક કરેલુ હતું. તે સ્થળ પર હતું નહી, જેથી રાજુભાઈએ ફોન કરીને સંજયભાઈને બાઈક અંગે જાણ કરતા તેઓ પણ ચિલોડા આવી પહોંચ્યા હતા અને બાઈકની આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. પરંતુ આજદિન સુધી કયાંય બાઈક નહી મળી આવતા સંજય પ્રજાપતિએ રૂ.૨૦હજારની કિંમતના બાઈક ચોરી અંગે ચિલોડા પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સરગાસણના વેપારીને ૧૦ માસમાં પૈસા ડબલની સ્કિમ આપી યુવકે રૂ.૧૬.૨૦ લાખનું ફુલેકુ ફેરવ્યું

ગાંધીનગર, તા.૨૬

સરગાસણ પ્રમુખનગરમાં કેપીટલ રશિયન બેકરી ચલાવતા વેપારીને સ્થાનિક યુવકે બોમ્બેની આઈવીક કંપનીમાં રોકાણ કરી રોજના એક ટકા લેખે રીર્ટન ની લોભામણી લાલચો આપી વેપારીની સાથે રૂ.૧૬.૨૦ લાખની છેતરપિંડી આચરતા વેપારીએ અડાલજ પોલીસ મથકે ત્રણ વ્યકતિ સામે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ન્યું સરગાસણ વિસ્તારમાં રત્નરાજ રેસીડેન્સી ખાતે એચ-૩૦૨ ખાતે રહેતા નિલરાજ મહેન્દ્ર રાઠોડ પ્રમુખનગર ખાતે કેપીટલ રશિયન બેકરી ચલાવે છે. ગત ઓગસ્ટ-૨૦૨૧ માં નિલરાજની બેકરી પર પ્રમુખ નગર ખાતે સી-૩૦૨ ખાતે રહેતા રૂષિકેશ પંડ્યા આઈવીક પ્રાઈવેટ લિમીટેડ કંપની (ઈ-૩૦૯, ક્રિસ્ટલ પ્લાઝા, પ્રિમાઈસીસ કો.ઓ.સોસાયટી, અંધેરી વેસ્ટ મુંબઈ)નું બ્રોશર આપી ગયો હતો. જેમાં કંપની શેર બજારમાં એડવાઈઝરી તરીકે કામ કરતી હોવાનો અને ૧ ટકા રોકાણ સહિતના પ્લાન વિગતો દર્શાવી હતી. ત્યારબાદ નિલરાજને રૂષિકેશે જણાવ્યુ હતું કે પોતે કંપનીમાં પાર્ટનર છે અને વેબસાઈટ ખોલીને પોતે ઓથોરાઈઝ વ્યકિત હોવાનો લેટર પણ બતાવ્યો હતો.જો કંપનીમાં રોકાણ કરશે તો રોજનું એક ટકા લેખે રીટર્ન આપશે તેવી લોભામણી લાલચમાં નીલરાજ રાઠોડ આવી જતા યુઝર આઈડી બનાવી કંપનીના ખાતામાં રૂ.૧૦ હજાર જમા કરાવ્યા હતા. ત્યારબાદ રૂ.૧૦હજારનું એક ટકા લેકે રીર્ટન મળતુ હતું.જયારે રૂષિકેશ દ્વારા વોટસએપ ગ્રુપ બનાવ્યું હતું. જેમાં નિલરાજને એડ કર્યો હતો. આ ગ્રુપમાં રૂષિકેશ ૧૦ માસમાં રૂપીયા ડબલ કરવાની વિવિધ સ્કિમો મુકતો હતો. જેથી નિલરાજ રાઠોડે મેલડી કૃપા અને ભુવનેશ્વરી બીજા બે યુઝર આઈડી બનાવી ગત નવેમ્બર-૨૦૨૧ માં સુધીમાં ટુકડે ટુકડે રૂ.૨૦.૮૦ લાખનું રોકાણ કર્યું હતું. જે પેટે તેમને રૂ.૭.૧૯ લાખ એક ટકા લેખે રીર્ટન પણ મળ્યું હતું. પરંતુ ત્યારપછી રીર્ટન મળવાનું અચાનક બંધ થઈ ગયું હતું. નીલરાજે રીટર્ન અંગે રૂષિકેશને પુછતા તેણે કહ્યું કે કંપનીમાં કરોડો રૂપીયાના ટ્રાન્જેકશન થતા હોવાથી કંપનીનું સીએમએસ એકાઉન્ટ ક્રેશ થઈ ગયું છે. ડિસેમ્બરમાં રીર્ટન મળી જશે. રૂષિકેશે વિશ્વાસ બેસે તે માટે કંપનીના ડાયરેકટર અર્પન પટેલ અને આધ્યજયોતિ સાથે ટેલીફોનીક વાત કરાવી હતી. તેમ છતા સમય વિતી જવા છતા રૂષિકેશ ગલ્લા-તલ્લા કરી ફોન ઉપાડવાનું બંધ કરી દીધુ હતું. જેને પગલે નીલરાજે તપાસ કરતા રૂષિકેશ પંડયાએ ઘણા વ્યકિતના રૂપીયા એક ટકા રીર્ટનની લોભામણી લાલચ આપી રોકાણ કરાવ્યા હતા.જેમાં ઉવારસદના મિત્ર રોહિત પટેલે પણ સાડા ત્રણ લાખનું રોકાણ કરી માત્ર રૂ.૯૧ હજાર જ રીર્ટન પેટે પરત આવ્યા હતા. પોતાની સાથે રૂષિકેશ પંડયાએ રૂ.૧૩.૬૧ લાખ અને તેના મિત્ર સાથે રૂ.૨.૫૯ લાખ મળી કુલ રૂ.૧૬.૨૦ લાખનું ફુલેકુ ફેરવતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

એસ.જે.પી.આઈ. મેનેજમેન્ટ કૉલેજનો 'અનુસ્મૃતિ-૨૦૨૨' કાર્યક્રમ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના પ્રવેશદ્વાર ચ-૦ સર્કલ પાસે આવેલ એસ.જે.પી.આઈ. મેનેજમેન્ટ કૉલેજ ખાતે તાજેતરમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આવકારતો રંગારંગ કાર્યક્રમ કૉલેજના મેનેજિંગ ટ્રસ્ટી જયપ્રકાશભાઈ પટેલ અને કૉલેજ મેનેજમેન્ટ વિભાગ વડા પ્રો.ડૉ હરિશ્ચંદ્રસિંહ રાઠોડની આગેવાનીમાં ઉજવાયો હતો.

એસ.જે.પી.આઈ. મેનેજમેન્ટ કૉલેજના એમ.બી.એ.ના બન્ને વર્ષના તાજેતરના વિદ્યાર્થીઓ અને કૉલેજ સ્ટાફ ગણે એક અઠવાડીક જહેમતે આ કાર્યક્રમને સુપેરે ઓપ આપી તેનું સુખદે સમાપન કર્યુ હતુ. આ અવસરે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાની માતૃસંસ્થા ખાતે વહેલી સવારે જ આવી પહોંચ્યા હતા જેમને આવકાર્યા બાદ સે.૧૨ સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ ખાતે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી કરણ પટેલના રોક બેન્ડ મેઘધનુષ સંગે નગરના યુવા હાસ્યકાર હરપાલસિંહ ઝાલાની હાસ્ય ધમાલ સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ 'અલૂમની એસોસિએશન' બાબતે તૈયારી દર્શાવતા માતૃસંસ્થા પરત્વે પોતાનું ઋણ અદા કરતી પહેલ કરી હતી. કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન નરહરિભાઈ અમીનના સુપુત્ર અને હિરામણી સ્કૂલ તથા જન સહાયક ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી વરૂણ અમીન, મેનેજિંગ ટ્રસ્ટીના સુપુત્રી તથા અંકુર ઓઈલ ઈન્ડસ્ટ્રીના ડાયરેકટર ઓફ માર્કેટિંગ અને મેનેજિંગ પાર્ટનર નંદિની પટેલે પ્રસંગોચિત ઉદબોધન કર્યા હતા. સંસ્થાના ફાઉન્ડર ચેરમેન સ્વ.જયરામભાઈ પટેલના પરિવારજનો આ શુભ અવસરે સુચક હાજરી આપી જૂના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ ગણ માટે બાપાના હૂલામણા નામથી સુખ્યાત જયરામબાપાના પરિવારજનોએ પડછાયાની માફક કૉલેજની સાથે અડીખમ ઉભા હોવાની પ્રતિતિ કરાવી હતી.

દહેગામ-નરોડા હાઈ-વે પર પરઢોલ પાસે રીક્ષા પલ્ટી જતા ચાલકનું મૃત્યુ

ગાંધીનગર,તા.૨૬

દહેગામ-નરોડા હાઈ વે પર પરઢોલ પાટીયા પાસે અચાનક લોડીંગ રીક્ષા પલ્ટી ખાઈ જતા ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા.જયાં સારવાર દરમિયાન રીક્ષાચાલકનું મૃત્યુ થયુ હતું. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દહેગામના ભાદ્રોડા ગામે ભરવાડ ખાતે રહેતા ખોડાભાઈ નાગજીભાઈ ભરવાડ પરિવાર સાથે રહે છે અને છુટક મજુરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારમાં બે ભાઈ અને બે બહેન છે. જેમાં ફરીયાદી થી નાના મોમાભાઈ નાગજીભાઈ ભરવાડ લોડીંગ રીક્ષા નં.જી.જે.૧૮.બી.યુ.-૩૪૪૯ ચલાવી માલ-સામાનની હેરફેરની મજુરી કરે છે. ગતરોજ રાત્રીના સાડા અગીયાર વાગે ખોડાભાઈ રખીયાલ ગામે મજુરી કામે ગયા હતા. તે સમયે તેમના કાકાના દિકરા કમલેશનો ફોન આવ્યો હતો અને કહ્યું હતુ કે મોમાભાઈ તેમજ કાકાનો દિકરો રાજુ અમદાવાદ કુબેરનગર થી માલસામાન ભરી લોડીંગ રીક્ષા લઈ નરોડા થી દહેગામ માર્ગ પર પરઢોલ પાટીયા પાસે રાત્રીના સાડા અગીયારવાગે મોમાભાઈ રીક્ષા ચલાવી રહ્યા હતા તે સમયે અચાનક ગફલતભરી રીતે હંકારતા રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. અકસ્માતમાં મોમાભાઈને શરીરે ઈજાઓ પહોંચતા બેભાન થઈ ગયા હતા. જયારે રાજુભાઈને કોઈ ઈજા થઈ ન હતી. જયારે અકસ્માતને પગલે રાહદારીઓ એકઠા થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત રીક્ષા ચાલકને તાત્કાલીક ૧૦૮ દ્વારા અમદાવાદ સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જેથી તમે તાત્કાલીક સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે આવી જાવ તેવી વાત કરી હતી. જેથી ખોડાભાઈ અને સગાઓ તાત્કાલીક અમદાવાદ સિવિલ દોડી ગયા હતા. તેઓએ પહોચીને જોયુ તો ટ્રોમા સેન્ટરમાં મોમાભાઈ બેભાન હાલતમાં સારવાર હેઠળ હતા. જયારે વહેલી સવારે સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું.